જુસિકા દ્વારા શિવરામદાસ નાયીનાં ચક્ષુ-દેહદાન મેળવાયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના સેકટર-૨૭ના આનંદનગર પ્લોન નં. ૯૦ના રહેવાસી શિવદાસરામ કાશીરામ નાયી (ઉ.વ.૯૦) નું અવસાન થતાં તેમનાં પુત્ર ભરતભાઇ નાયીની સંમતિથી તેમના ચક્ષુ અને દેહદાન લેવામાં આવેલ. તબીબી સેવા ડો. મિનલબેન પારેખે આપી હતી. દેહનું દાન મેડિકલ કોલેજને આપવામાં આવેલ છે.

મેડિકલ કોલેજના ડો. સૈયદ અને ડો. પદ્માબેન દ્વારા સુંદર સહકાર મળેલ હતો., જુસિકાના કાર્યકરો જે. એન. પરીખ, કમલ ચૌધરી, કૌશિક ભટ્ટ, દિનેશ દવે, કિરણસિંહ વાઘેલા, દિલીપ દંતાણી, રાજુ વાઘેલા, અવની વાઘેલાએ સેવાઓ આપી હતી. ચક્ષુઓ અમદાવાદ ચક્ષુબેંકમાં એમ.બી. મકવાણા દ્વારા પહોંચાડવામાં આવી હતી.

મહુડી ગામની યુવતી ૧૩ દિવસથી લાપતા

ગાંધીનગર, તા.૩

માણસા તાલુકાના મહુડી ખાતે આવેલા મોટા વાસમાં રહેતી યુવતી કાજલ મદનસિંહ રાઠોડ ૧૩ દિવસ અગાઉ બપોરના સુમારે પોતાના ભત્રીજાને ત્યાં પ્રસંગ હોવાથી કોઈને કાંઈ કહ્યા વિના ચાલી ગઈ હતી. તેણીનો આજ દિન સુધી પત્તો લાગ્યો નથી. પરિવારજનોએ રાતદિવસ એક કરીને કરેલી શોધખોળ બાદ પણ તેણીના હજુ સુધી સગડ મળ્યા નથી. શરીરે મધ્યમ બાંધાની સવા પાંચ ફુટ ઉંચાઈ ધરાવતી યુવતીએ શરીરે લાલ રંગનો પાયજામો તથા વાદળી રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. માણસા પોલીસે જાણવા જોગ નોંધીને ગુમ થઈ ગયેલી યુવતીની શોધખોળ શરુ કરી છે.

સે-૨૪ ભાગવત સપ્તાહમાં આજે નૃસિંહ પ્રાગટય દર્શન

ગાંધીનગર, તા.૩

સેકટર-૨૪ આદર્શનગર પીળા પટ્ટા બ્લોક નં. ૫૭૧ ખાતે ભાગવત સપ્તાહ અન્વયે આજે બપોરે ૧ થી ૫ કલાક દરમિયાન નૃસિંહ પ્રાગટય દર્શન તેમજ ઝાંખી દર્શનનો લાભ લેવા સેકટરવાસીઓને જણાવાયું છે. કર્ણવભાઈ જોષીની વ્યાસપીઠે યોજાયેલ ભાગવત સપ્તાહમાં ભાવિકો મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

ફીરોજપુર પાસેથી યુવાનનો બિનવારસી મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર નજીક આવેલા ફીરોજપુર ગામ પાસે રસ્તાની સાઈડમાંથી આજે બપોરનાં સુમારે આશરે ૩૦ થી ૩૫ વર્ષની વયના

(તસવીર : દીપક જાની)

યુવાનનો બિનવારસી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. અજાણ્યા યુવાનનું મૃત્યુ કયાં કારણોસર થયું તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. ડભોડા પોલીસને આ સંદર્ભે જાણ થતાં રાજેન્દ્રસિંહ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલીને મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે. યુવાનના શરીરે કાળા રંગનું પેન્ટ અને રાખોડી રંગનો સર્ટ પહેર્યો હતો.

સે-૧૪ના રહેણાંક વિસ્તારમાં માટીના ઢગ ખડકાતાં રહીશોને હાલાકી

માર્ગ નવિનીકરણની કામગીરી દરમિયાન રસ્તા આસપાસ માટી ખડકી દેવાઈ

ગાંધીનગર, તા.૩

સેકટર-૧૪માં આંતરિક વિસ્તારના માર્ગોની સુધારણા દરમિયાન રસ્તાઓ આસપાસ માટીના ઢગ ખડાકતાં સ્થાનિક રહીશો માટે નવી સમસ્યા ઉભી થઈ છે. આંતરિક માર્ગોના નવિનીકરણના અંતે તંત્ર દ્વારા રસ્તા આસપાસ માટીના ઢગ ખડકી દેવાતાં સેકટરના જાગૃત નાગરિકોએ માટી દુર કરવા તંત્ર સમક્ષ રજુઆત કરી છે.

શહેરના નવ વિકસીત સેકટરો ઉપરાંત સેકટર-૬ થી ૧૯માં માર્ગ નવિનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી છે. કરોડોના ખર્ચે સેકટરના આંતરિક માર્ગોને ચકાચક બનાવવાનું અભિયાન શરુ કરી દેવાયું છે. સેકટર-૧૪માં પણ છેલ્લા કેટલાક સમયથી આંતરિક માર્ગોની સુધારણાનું કામ ચાલી રહ્યું છે. પરંતુ ઘણીવાર માર્ગ નવિનીકરણની કામગીરી દરમ્યાન યોગ્ય સફાઈના અભાવે સ્થાનિક વસાહતીઓ માટે અન્ય સમસ્યાઓ શિરદર્દ સમાન બનતી હોવાની ફરિયાદ ઉઠવા પામે છે.

સેકટર-૧૪માં પણ રસ્તાની કામગીરીના અંતે માર્ગ આસપાસ ખડકાયેલા માટીના ઢગ નાગરિકો માટે અવરોધરૂપ બન્યા છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં રસ્તા નિર્માણગટર લાઈન સહિતના કામો દરમિયાન યોગ્ય માટી પુરાણ ન થવાથી પણ ચોમાસા દરમિયાન સેકટરવાસીઓએ ડગલે ને પગલે મુશ્કેલી વેઠવી પડતી હોય છે. સેકટર-૧૪માં પણ નવા રસ્તાઓનું નિર્માણ કરવા હાથ ધરાયેલ કામગીરી દરમિયાન માર્ગ આસપાસ જ માટીના મોટા ઢગ દુર કરાયા નથી. જેના લીધે સ્થાનિક રહીશોએ અવરજવર કરવામાં પણ હાલાકી ભોગવવી પડે છે. સેકટરના જાગૃત નાગરિકોએ આ મામલે પાટનગર યોજના ભવનના તંત્ર સમક્ષ પણ રજુઆત કરી છે. રહીશોએ સોસાયટીમાં ખડકાયેલા ઢગ દુર કરવા જણાવ્યું છે.

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામમાં આઈ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ગ્રામજનોની આંખની તપાસ કરવામાં આવી હતી તેમજ ચશ્માનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં લાયોનેસ પ્રમુખ ઉષાબેન ગજજર સહિત અન્ય લાયોનેસ બહેનોએ હાજરી આપી હતી.

નવા વર્ષની ઉજવણીનો માહોલ હજુ ચાલી રહ્યો છે. વિવિધ જ્ઞાતિઓ અને સમાજ દ્વારા નૂતન વર્ષ નિમિત્તે સ્નેહમિલનના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. સેકટર-૫-એના વસાહતીઓ અને જિજ્ઞાબેન નાયક દ્વારા તાજેતરમાં ગાયત્રી યજ્ઞનું આયોજન કરી નવા વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. (તસવીર : દીપક જાની)

સે. ૨૮ બાલોદ્યાનમાં પેવર સ્ટોન વોક-વે બનાવવાનું કામ શરૂ

ટ્રેનનાં ટ્રેકને સલામત બનાવવા જરૂરી સ્થળે લોખંડની ગ્રીલ લગાડાશે

ગાંધીનગર, તા. ૩

સેકટર-૨૮ બાલોદ્યાનમાં રેલવે-પ્લેટફોર્મના નવિનીકરણ અને મિની ટ્રેન શરૂ કરાયા બાદ સહેલાણીઓ માટે પેવરસ્ટોન વોક-વે બનાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. જ્યારે મિની ટ્રેનનાં ટ્રેકને સલામત બનાવવા જરૂરી સ્થળે લોખંડની ગ્રીલ પણ મુકવામાં આવનાર છે.

શહેરની સ્થાપના વખતે વિકસાવવામાં આવેલ અને ત્રણ-ત્રણ દાયકા સુધી પાટનગરના રહેવાસીઓ માટે હરવા ફરવા અને આનંદ પ્રમોદનું એક માત્ર સ્થળ રહેલા સેકટર-૨૮ માં આવેલા બાલોદ્યાનની ખાડે ગયેલી સુવિધાઓ ફરીવાર ઉભી કરવાનું કામ ગત વિધાનસભાના સત્ર વખતે બજેટમાં સમાવવામાં આવ્યા પછી તે સંબંધની કામગીરીની આખરે શરૂઆત કરી દેવાઈ છે. તે અંતર્ગત અહીં વેપર સ્ટોન વોક-વે બાંધવામાં આવી રહ્યો છે. સુત્રોએ કહ્યું કે, અહીં બેબી ટ્રેનના ટ્રેકને વધુ સલામત બનાવવા ચોક્કસ સ્થળે લોખંડની ગ્રીલ લગાડવામાં આવશે. એક વખતના નગરની શાન સમાન બાલોદ્યાન પ્રત્યેના સરકારી તંત્રના લાંબા સમયના અને સતત દુર્લક્ષના કારણે અહીંના તળાવમાં બોટીંગ અને બેબી ટ્રેન કે જે અબાલ વૃદ્ધ સૌ કોઈ મુલાકાતીમાં સૌથી વધુ લોકપ્રિય રહ્યાં હોવા છતાં છાશવારે બંધ થઈ જતી કે ખોડંગાઈ જતી હોવાની વાતે તંત્ર ખુબ ટીક્કાનો ભોગ બનતું રહ્યું છે અને તેની ફરિયાદ-રજુઆત મંત્રી કક્ષા સુધી થતી રહ્યાંના પગલે કેપિટલ ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં આખરે બાલોદ્યાનનો સમાવેશ કરી દેવામાં આવ્યો છે. તેના ભાગરૂપે જ ગત વર્ષમાં બેબી ટ્રેનનું એન્જીન બદલવામાં આવ્યા પછી ટ્રેનના ટ્રેકનો તાજેતરમાં જ નવો બનાવવામાં આવ્યો છે. જો કે એક સાંધે ત્યાં તેર તુટવાની સ્થિતિનો પણ અંત ન હોય તેમ બોટીંગનો મામલો અધ્ધરતાલ રહ્યો છે. હવે બાલોદ્યાનમાં કંઈક નવું આપવાનો મામલો હાથ પર લેવામાં આવ્યો છે. તે અંતર્ગત પેવર સ્ટોન વોક-વે બનાવવાનું શરૂ કરવામાં આવ્યું છે. ટુંક સમયમાં આ કામગીરી પુરી થઈ જવાના પગલે મુલાકાતીઓ વોક-વે પર ચાલીને સલામતીપૂર્વક અને કોઈનો અડચણરૂપ બન્યા વગર આખા ગાર્ડનનો નજારો માણી શકશે. ઉપરાંત મોર્નિંગ વોક કરનારા શહેરવાસીઓને એક નવું સ્થળ મળી રહેશે.

રાજ્ય લેવલની સ્કૂલ ગેમ સ્કેટીંગ સ્પર્ધામાં વસાવા દિકશાંક અને ધ્રુંક કાંતિને ગોલ્ડ અને સિલ્વર મેડલ

ગાંધીનગર જિલ્લાની આરાધના અને એક્સેલેન્સ સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ તાજેતરમાં યોજાયેલ રાજ્ય લેવલની સ્કૂલ-ગેમ સ્કેટીંગ સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરેલ છે અને પાટનગર ગાંધીનગરને ગૌરવ અપાવેલ છે. આ સ્પર્ધામાં દિકસાંક વસાવાને ગોલ્ડ મેડલ અને ધ્રુંક કાંતિને સિલ્વર મેડલ પ્રાપ્ત થયેલ છે. આગામી દિવસોમાં તેઓ દિલ્હી ખાતે યોજાનાર સ્કૂલ ગેમ નેશનલ લેવલ સ્કેટીંગ સ્પર્ધામાં ભાગ લેવા જઈ રહેલ છે તેઓ કોચ ભાર્ગવ આચર પાસેથી ટ્રેનીંગ મેળવી રહેલ છે. એવી આશા છે કે, આ બંને બાળકો નેશનલ વિજેતા થાય તેવી કાર્યક્ષમતા ધરાવે છે. ગાંધીનગરની જનતાના શુભ-આશિષ તેઓની સાથે જ છે અને તેઓ દિલ્હી ખાતે વિજેતા બને અને સમગ્ર ગુજરાતમાં પાટનગરનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.

મોખાસણમાં ચાર મંદિરો સહિત પાંચ જગ્યાએ તાળા તુટ્યા

ચાર મંદિરોમાંથી ૧૩ હજારની રોકડ રકમ ઉપાડી ગયા : મકાનમાં ઘરફોડનો પ્રયાસ

ગાંધીનગર, તા.૩

કલોલ તાલુકાના મોખાસણ ગામમાં તસ્કરોએ ગત રાત્રી દરમ્યાન રીતસરનો તરખાટ મચાવી દીધો હતો. રાત્રી દરમ્યાન ચાર-ચાર મંદિરોનાં તસ્કર ટોળકીએ તાળા તોડીને રોકડમાં દાનપેટીમાં આવેલા દાન ચોરી કરીને એક મકાનનું પણ તાળુ તોડીને ઘરફોડનો પ્રયાસ કર્યો હતો. કલોલ તાલુકા પોલીસે આ સંબંધે ગુનો દાખલ કરીને સક્રિય થયેલા ઘરફોડીયા શખ્સોની ટીમને શોધી કાઢવા દોડધામ શરૂ કરી છે.

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં આવેલા મોખાસણ ગામને તસ્કર ટોળકીએ ગત રાત્રીએ નિશાન બનાવીને ગામના ચાર નાના-નાના મંદિરો અને એક બંધ મકાન મળીને પાંચ-પાંચ સ્થળોએ તાળા તોડી ઘરફોડ કરતાં ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. મોખાસણ ગામના નાના-નાના ચાર મંદિરોમાં આવેલા રોકડ દાન મળીને રૂ. ૧૩ હજારની મત્તા ચોરીને તસ્કરો ફરાર થઈ ગયા હતા. મંદિરોનાં તાળા તોડીને પણ કોઈ મોટો માલ ન મળતા તેઓએ બંધ મકાનને નિશાન બનાવ્યું હતું અને તેનું પણ તાળુ તોડ્યું હતું. જો કે તેમાંથી પણ કંઈ લઈ જઈ શક્યા ન હતા. એક જ રાત્રીમાં મોખાસણમાં ચાર મંદિરોમાં ઘરફોડ અને એક મકાનમાં ઘરફોડ ચોરીનો પ્રયાસ કર્યો હતો. કલોલ તાલુકા પોલીસે આ સંદર્ભે ગુનો દાખલ કરીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ગાંધીનગરના જાણીતા વ્યાયામ શિક્ષક હેમચંદ્ર થોરાતનું આકસ્મિક દુઃખદ નિધન

ગાંધીનગર શહેરની સ્થાપનાથી આવીને વસેલા અને શહેરના પ્રખ્યાત વ્યાયામ શિક્ષક તરીકે નામના મેળવનાર હેમચંદ્ર શંકરરાવ થોરાતનું દિનાંક બીજી ડિસેમ્બરે હૃદયરોગનાં હુમલાને કારણે દુઃખદ અવસાન થયું છે. થોરાત સાહેબ ૭૪ વર્ષની વયે પણ તદ્દન ચુસ્ત અને ફીટ હતાં તેઓ સે-૨૭માં એમની થોરાત વ્યાયામશાળા નિવૃત્તિ બાદ ચલાવતા હતાં.

સ્વ. થોરાત એમની પાછળ એમની ધર્મપત્ની સુશીલાબેન, મોટો દીકરો

ઓલ્મિપીક ખેલાડીના પુત્ર અને રમત-ગમત ક્ષેત્રે અનોખી નામના કમાનાર ગાંધીનગરના જાણીતા વ્યાયામ શિક્ષક હેમચંદ્ર થોરાતની વિદાયથી ગાંધીનગર રમત-જગતનો એક શ્રેષ્ઠ અધ્યાય સમાપ્ત થયો.

નયન થોરાત, જિલ્લા રમત ગમત અધિકારી (જુનાગઢ), બીજો દિકરો સંજય થોરાત, મેનેજર કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન લી. અને ગાંધીનગર સમાચારનાં કટાર લેખક, નાનો દીકરો વિશાલ થોરાત-વ્યાયામ શિક્ષક ચરાડા તેમજ પુત્રવધુ ડૉ. અનુપમા, ગાયત્રી (શિક્ષક સેંટ ઝેવિયર્સ સ્કુલ) અને વર્ષા થોરાત તેમજ દીકરી વૈશાલી અને નવ પૌત્રોને વિલાપ કરતાં મુકી ગયાં છે.

સ્વ. શ્રી થોરાતનાં પિતાજી ગુજરાત તરફથી ઓલિમ્પીકમાં ભાગ લઈ ચુકેલાં છે. સ્વ. શ્રી થોરાત જલ્લા રમત ગમત અધિકારી તરીકે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થયેલાં હતાં. થોરાતના નિધનથી ગાંધીનગરની રમત ગમતને વરેલી શ્રેષ્ઠ વ્યકિતની વિદાય થઈ છે.

દેરાસરની ઘરફોડ ઉકેલવા લીસ્ટેડ ચોરોના ઈન્ટ્રોગેશન

અગાઉ મંદિર-દેરાસરોમાં ઘરફોડના ગુનામાં ઝડપાઈ ચુકેલા તમામ ઘરફોડીયાઓની પુછપરછ શરૂ કરાઈ

ગાંધીનગર, તા. ૩

છાલા ગામની વચ્ચોવચ સ્થિત જૈન દેરાસરમાંથી ભગવાનના ચાંદીના આભુષણો તથા રોકડ મળીને રૂ. ૨.૯૫ લાખની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલવા જિલ્લા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જિલ્લામાં અગાઉ મંદિરો તથા દેરાસરોમાં ઘરફોડ ચોરી કરતા પકડાઈ ચુકેલા લીસ્ટેડ આરોપીઓની સઘન પુછપરછ શરૂ કરવામાં આવી છે જો કે હજુ સુધી પોલીસને સ્પષ્ટ કડી મળી નથી.

ગાંધીનગર નજીકના છાલા ગામમાં સ્થિત જૈન દેરાસરમાં બે દિવસ અગાઉ રાત્રીના અરસામાં તસ્કરોએ મોટો હાથફેરો કરી નાંખ્યો હતો. દેરાસરનાં બબ્બે દરવાજાના તાળા તોડીને તસ્કરો ભગવાનને ચઢાવેલા ચાંદીના રૂ. ૨.૮૫ લાખની કિંમતના આભુષણો તથા દાનપેટીમાંથી રૂ. ૧૦ હજાર રોકડા મળીને કુલ રૂ. ૨.૯૫ લાખની ઘરફોડ ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. વર્ષો જુના આ દેરાસરમાં સી.સી. ટેવી કેમેરા પણ ઈન્સ્ટોલ ન હોવાથી ઘરફોડીયાને મેદાન મળી ગયું હતું અને હાથફેરો કરીને સરળતાથી સરકી ગયા હતા. ચિલોડા પોલીસે આ સંદર્ભે ગુનો દાખલ કર્યો હતો. જિલ્લા પોલીસે દેરાસરમાં હાથફેરો કરનાર ટોળકીને પકડી પાડવા લીસ્ટેડ ઘરફોડીયાઓ પૈકી ઉપરોક્ત ઘટના સાથે મળતી એમ.ઓ. થી ઘરફોડ કરનાર શખ્સોને લીસ્ટઆઉટ કરીને તેમનું ઈન્ટ્રોગેશન શરૂ કર્યું છે. તે ઉપરાંત જિલ્લામાં અગાઉ મંદિર કે દેરાસરમાં ઘરફોડ કરતાં ઝડપાઈ ચુકેલા ઘરફોડીયાઓની પણ લીસ્ટ તૈયાર કરીને તે તમામને બોલાવી પુછપરછ શરૂ કરી દઈ ગુનાનો ભેદ ઉકેલવા તજવીજ શરૂ કરી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૪
સૂર્યાસ્ત : ૫.૫૨

તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૬ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૩ ટકા ● સાંજે ૩૬ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
લાઈફ ઑફ પાય(હિન્દી) : ૧૦.૦૦
તલાશ : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦,૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
તલાશ : ૧૦.૦૦,૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
લાઈફ ઑફ પાય (હિન્દી) : ૧૧.૧૫, ૭.૪૫
તલાશ : ૨.૧૫, ૫.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૦૦
જબ તક હૈ જાન : ૧૨.૪૫, ૬.૪૫
સન ઑફ સરદાર : ૪.૦૦, ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
લાઈફ ઑફ પાય(હિન્દી) ૩-ડી : ૯.૧૫, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦
ટ્વાલાઈટ પાર્ટ-૨ : ૧૧.૪૫
તલાશ : ૯.૩૦
: સ્ક્રીન-૨ :
તલાશ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
તલાશ : ૮.૦૦, ૧૧.૦૦, ૮.૧૫
સન ઑફ સરદાર : ૨.૦૦
જબ તક હૈ જાન : ૫.૦૦
: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

તલાશ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગૉરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લોક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
તલાશ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
સન ઑફ સરદાર : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
જબ તક હૈ જાન : ૧૦.૧૫, ૧.૩૦, ૧૦.૧૫
તલાશ : ૫.૦૦, ૭.૩૦

સિરાગ, કલોલ

તલાશ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

વૃષભ : જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો.

મિથુન : આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે.

કર્ક : આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

સિંહ : અપરણિતો માટે લગ્નસંબંધી પ્રસ્તાવ, લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

કન્યા : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે.

તુલા : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

વૃશ્ચિક : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

ધન : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

મકર : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

કુંભ : કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. નવા સંબંધો બંધાશે.

મીન : મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

ચિરવિદાય

- સ્વ. કાળાજી ખેગારજી ઠાકોર (ઉ.વ.૬૩)મુ.પો. ભાઈજીપુરા, કુડાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સુજીબેન શાકરજી મારવાડી (ઉ.વ.૧૧૦)ગોકુળપુરા, નવા છાપરા, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. હેમચંદ્ર શંકરરાવ થોરાત (ઉ.વ.૭૪)બ્લોક નં. ૭૧૬, એકતા કોલોની, ગુજરાત હાઉસીંઘ બોર્ડ, સેકટર-૨૭, ગાંધીનગર.